# કોરોના વકર્યો : ગ્રામ્યમાં નવા ૪ કેસ શહેરમાં ૩ કેસ

## શહેરમાં કોરોનાના વધુ ૩ કેસ

**શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૩૯ થઈ : એક્ટીવ કેસની સંખ્યા ૧૫ થઈ : એક દર્દી કોરોનામુક્ત થતાં ડિસ્ચાર્જ અપાયુ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૩ કેસ મળી આવ્યા છે. આ સાથે કોરોનાના નોંધાયેલા કેસોની સંખ્યા ૩૯ થઈ છે.

ગાંધીનગર શહેરમાં કેસો નોંધાવાની ગતિ વધી છે. ૨ ટકા સુધી કોરોના પોઝીટીવીટીનો રેટ પહોંચી ગયો હોવાથી તંત્રની ચિંતા વધી જવા પામી છે.

શહેરમાં આજે કુડાસણ, રાંદેસણ અને ટી.પી.૯ સરગાસણમાંથી કેસો મળી આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં એક નિવૃત્ત, એક મહિલા અને એક બેંક કર્મચારીનો સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ત્રણેય દર્દીઓએ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે. જો કે આજે નોંધાયેલા ત્રણ કેસમાંથી બે દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રએ પણ કોરોના સામે લડવા માટે આક્રમક રણનીતિ બનાવવા મન બનાવી લીધુ છે.

કુડાસણમાં આજે એક ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધ ૪ દિવસ પહેલાં જ દહેરાદુનથી પરત ફર્યા છે. તેમને તાવ-કફ રહેતાં રિપોર્ટ કઢાવતાં કોરોના પોઝીટીવ આવ્યો છે. તેમની તબિયત હાલ સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

રાંદેસણમાં ૫૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણી બે દિવસ પહેલાં જ પૂનેના પ્રવાસેથી પરત ફરેલ છે. તાવ અસહ્ય હોવાથી ટેસ્ટ કરાવતાં તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ ઉપરાંત ટી.પી. ૯ સરગાસણ વિસ્તારમાં રહેતા ૩૯ વર્ષીય બેંક કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે. તાવની ફરિયાદને પગલે ટેસ્ટ કરાવતાં રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં કોરોનાના એક્ટીવ કેસોની સંખ્યા ૧૬ થઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪ કેસ

**ગાંધીનગર તાલુકામાં ૨ અને કલોલમાં ૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ કેસ નોંધાતા તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. છેલ્લા એક જ સપ્તાહમાં ૬ જેટલા કેસ કોરોનાના નોંધાયા છે.

જિલ્લાના ગાંધીનગર તાલુકામાં બે અને કલોલમાં બે કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા ૪ કેસમાં એક નિવૃત્ત કર્મયોગી, એક કર્મયોગી, એક વેપારી અને એક વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી ૫૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો ગાંધીનગર નજીક આવેલ સીઆરપીએફ કેમ્પમાં એક ૨૭ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાં આજે બે મહિલાના કેસ નોંધાયા છે. આ બન્ને કેસ બોરીસણા ગામમાંથી મળી આવ્યા છે. એક જ પરિવારની આ બે બહેનો સામાજિક કારણોસર તાજેતરમાં વડોદરા ગઈ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર અને કલોલ તાલુકામાં આજે બે-બે કેસ નોંધાતા કોરોના રિટર્નસનો ભય આ તાલુકામાં ઉભો થયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા સપ્તાહમાં જ પોઝીટીવીટી રેટ ૧.૫૦ ટકા જેટલો થતાં તંત્ર ચિંતાતુર બન્યુ છે.

આ ચારેય દર્દીઓએ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે. ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

તંત્રએ આજે ૩૨૩ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. ગઈકાલે પાંચ દર્દીઓને ડિસ્ચાર્જ અપાયા બાદ જિલ્લામાં હાલ ૬ એક્ટીવ કેસ સારવાર હેઠળ છે અને તે બધાજ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

તંત્રએ ગ્રામ્ય વિસ્તારમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી ઉપરાંત હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી માટે સૂચનાઓ આપી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

# મનપાની આવક ૫૦-૫૨ કરોડ વધશે

**આઉટસોર્સીંગ મેનપાવર સપ્લાય માટે ૬૫ એજન્સીઓ રસ દાખવ્યો**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિએ આજે તેની બેઠકમાં મનપાની હદ અને કદમાં થયેલા વધારાને ધ્યાને રાખી આવકવૃદ્ધિ પર તેનુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. આજે કરેલ નિર્ણયોને પગલે મનપાની આવકમાં અંદાજે ૫૦ થી ૫૨ કરોડનો વધારો થશે. સ્થાયી સમિતિની બેઠક બાદ ચેરમેન જશુભાઈ પટેલે જણાવ્યુ હતુ કે આ નિર્ણયો કરવા જરૂરી હતા. મનપાનું કદ અને હદ વધતાં આર્થિક ભારણ પણ વધ્યુ છે. આઉટસોર્સીંગ મેનપાવર સપ્લાય માટે ૬૫ જેટલી એજન્સીઓએ રસ દાખવ્યો હોવાનું જાણવા મળેલ છે. જોકે આજની સ્થાયી સમિતિએ હાલ આ કામગીરી કરતી એજન્સીની મુદત ૩૧ જાન્યુ. સુધી વધારી દીધી છે.

## મનપાએ આવક વૃદ્ધિ માટે મિલ્કત ટ્રાન્સફર ફી દાખલ કરી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં મનપાની આવકના નવા સ્ત્રોત તરીકે રહેણાંક અને તમામ બિન રહેણાંક મિલ્કતોમાં ટ્રાન્સફર ફી રાખવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરેલ છે. આને કારણે અંદાજે ૨૦થી ૨૫ લાખ રૂ.ની આવક મનપાને થશે.

ચેરમેન જશુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આજે મળેલ બેઠકમાં રહેણાંક મિલ્કતોમાં વેચાણ દસ્તાવેજ વેચાણ કરારના ૦.૦૩૦ ટકાને બદલે ૦.૦૨૫ ટકા અને તમામ બિન રહેણાંક મિલ્કતોમાં વેચાણ-દસ્તાવેજ/વેચાણ કરારના ૦.૦૫૦ ટકા નામ ટ્રાન્સફર ફી પેટે વસુલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અમદાવાદ અને અન્ય મનપાઓની તુલામાં આ દર ઓછો હોવાનું પત્રકાર પરિષદમાં જણાવવામાં આવ્યુ હતુ. આજે સ્થાયી સમિતિમાં આ દરખાસ્ત મંજૂર થતાં હવે તે સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ કરવામાં આવશે.

આજની સ્થાયી સમિતિની બેઠકમાં મંજૂર થયેલ નગર રચના યોજનાઓમાં સમાવિષ્ટ અંતિમ ખંડોના અમલીકરણ સારૂ અંતિમ ખંડો તથા રસ્તાઓની હદ-નિશાનોને ફેન્સીંગ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ દરખાસ્તને પણ સામાન્ય સભાની મંજૂરી માટે મોકલવામાં આવશે.

આ બેઠકમાં ૨૧-૨૨ના બજેટમાંથી લોકોપયોગી સ્થાનિક નાગરિકોને પાયાની સુવિધાઓના કામો માટે ૨૫ જેટલા કામો સૂચવવા બાબતે મંજૂરી આપવામાં આવી છે.

મનપાની સ્થાયી સમિતિએ આજે નગરરચના યોજના તથા નગરરચના યોજના બહારના વિસ્તારમાં વિકાસ પરવાનગીના પ્રકરણે ભરવાપાત્ર થતી ફી અંગે નાણાંના હપ્તા કરી આપવા માટે કમિશનરે રજુ કરેલ દરખાસ્તને પણ મંજૂરી આપી છે.

આ ઉપરાંત મનપા દ્વારા વસુલવાપાત્ર અન્ય ચાર્જ અને ડિપોઝીટની બાબતે પણ કમિશને રજુ કરેલી દરખાસ્તને સ્વીકૃતિ આપી છે. આ બન્ને દરખાસ્તો સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ કરવામાં આવશે.

મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં સભ્યોએ રજુ કરેલી ફરિયાદોના સંદર્ભમાં પણ થોડીક ચર્ચાઓ થઈ હતી જેમાં સ્વચ્છતા સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

## શહેરમાં રખડતા પશુઓ પકડાશે તો દંડ વધશે...

**રોડ નં. ૧ થી ૭ અને 'ક' રોડથી 'જ' રોડના મુખ્ય માર્ગ પરથી પકડાયેલ પશુને પાંજરાપોળના હવાલે કરાશે**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓની સમસ્યાના નિરાકરણ માટે મનપાએ આજે દંડ પેટે વસુલવામાં આવતી રકમમાં ૫૦ ટકા સુધીનો વધારો કરવાનો નિર્ણય સ્થાયી સમિતિએ કર્યો છે.

ગાંધીનગર મનપાએ પ્રથમ વખત પકડાતા પશુઓના માલિકો પાસેથી વસુલવામાં આવતા દંડમાં રૂ. ૧૦૦૦નો વધારો કર્યો છે.

આજની સ્થાયી સમિતિએ કરેલા નિર્ણય મુજબ મુખ્ય માર્ગો ૧ થી ૭ નંબરના રોડ તથા 'ક' થી 'જ' રોડ પરથી પકડવામાં આવેલ પશુઓને દંડથી છોડવામાં આવશે નહિ અને તે પશુઓને કાયમી ધોરણે પાંજરાપોળ ખાતે મોકલવામાં આવશે.

શહેરના અંદરના વિસ્તારોમાંથી પકડાતા પશુઓ જો બીજીવાર પકડાશે તો પશુમાલિકો પાસેથી દંડની વસુલાતમાં ૫૦ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. આ સિવાય ત્રણ વખત જો પશુ પકડાશે તો તે પણ પાંજરાપોળને હવાલે કરવામાં આવશે.

કમિશનરે જણાવ્યુ હતુ કે નિર્દોષ પશુપાલકોને પરેશાની થાય નહિ તેની ચોક્કસ કાળજી લેવામાં આવશે. નો કેટલ ઝોનના નિયમ ઉપરાંત આ વધારાની જોગવાઈઓ છે.

શહેરમાં રખડતા પશુઓની સાથે રખડતા કૂતરાઓની પણ વધતી જતી સમસ્યાને લઈ પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં ચેરમેન જશુભાઈ પટેલે જણાવ્યુ હતુ કે આ અંગે સર્વે કરી આખો રોડમેપ તૈયાર કરી અમલીકરણના પ્રોજેક્ટમાં આગળ વધવામાં આવશે.

શહેરમાં પ્લાસ્ટીક વપરાશના વધતા પ્રમાણ અંગે ધ્યાન દોરાતાં કહ્યુ હતુ કે આ માટે જન જાગૃતિ પણ આવશ્યક છે તેમજ ૭૫ માઈક્રોનથી ઓછા પ્લાસ્ટિકનો ઉપયોગ યોગ્ય નથી.

# ગાંધીનગરના આભમાં અષાઢી નઝારો : શહેરમાં હીલ સ્ટેશન જેવો માહોલ

**: વાતાવરણ પલ્ટાના લીધે મોડીરાત્રે વરસાદનુ ઝાપટુ : સેકટરોમાં ભીંજારા વચ્ચે બર્ફિલા પવનથી ઠંડી આક્રમક બની : લઘુત્તમ તાપમાન ૧૧ ડીગ્રી આવી ગયુ : મહત્તમ તાપમાન ૫ ડીગ્રી નીચે સરકી ગયુ**


ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી ઠંડીમાં સતત વધ ઘટ જોવા મળી રહી છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૩ ડીગ્રી રહ્યા બાદ મોડીરાત્રે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં અચાનક જ વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. જેના લીધે સેકટરોમાં વરસાદી ઝાપટુ વરસતા ભીંજારો જોવા મળ્યો હતો. ભર શિયાળે આકાશમાં અષાઢી નઝારો નિખરતા આજે દિવસ દરમિયાન પણ નગરજનોએ બર્ફિલા વાતાવરણ વચ્ચે આકરી ઠંડી અનુભવી હતી. ઠંડીનો પારો ૧૧ ડીગ્રીએ પહોંચી ગયો હતો. મહત્તમ તાપમાનમાં પણ ૫ ડીગ્રીની ગિરાવટ જોવા મળી હતી. દિવસનુ તાપમાન ૨૨.૫ ડીગ્રી સુધી નીચે ગગડી ગયુ હતુ. જેના લીધે દિવસ દરમિયાન ઠંડી, વાદળિયા વાતાવરણ અને વરસાદી ભીંજારાથી નગરમાં હિલ સ્ટેશન જેવો નઝારો જોવા મળ્યો હતો.

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી ઠંડીના પારાની સતત ચઢ ઉતર જોવા મળી રહી છે. ગઈકાલે ઠંડીનો પારો ૧૩ ડીગ્રી રહ્યો હતો જયારે દિવસના વાદળિયા વાતાવરણ વચ્ચે મોડી સાંજથી વાતાવરણમાં અનોખો બદલાવ જોવા મળ્યો હતો મોડી રાત્રે અચાનક જ સુસવાટા મારતા પવન સાથે વરસાદ ખાબક્યો હતો. વરસાદી ઝાપટાના લીધે ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. ભીંજારાના માહોલ વચ્ચે આકરી ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. રાત્રિના ઠંડીના આક્રમણ વચ્ચે વરસાદ વરસતા નગરજનોએ બર્ફિલી ઠંડક અનુભવી હતી. જયારે વાતાવરણ પલ્ટાના અંતે આજે લઘુત્તમ તાપમાન પણ ૧૧ ડીગ્રી પહોંચી ગયુ હતુ. જેના લીધે નગરજનોએ આકરી ઠંડી અનુભવી હતી. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૨ ડીગ્રી ઉંચકાયો હતો. જયારે મહત્તમ તાપમાન ગઈકાલે ૨૭.૫ ડીગ્રી હતુ જે વરસાદી વાતાવરણના અંતે ૫ ડીગ્રી નીચે ગગડયુ હતુ. જેના લીધે નગરજનોએ દિવસે પણ આકરી ઠંડી અનુભવી હતી.

● અનુસંધાન પાન-૭ પર





## આજે કમોસમી વરસાદની સંભાવના

**ગઈરાત્રે દહેગામ-કલોલમાં ૩-૩- મિ.મિ. અને ગાંધીનગર-માણસામાં ૧-૧ મિ.મિ. વરસાદ થયો : ૩જી જાન્યુઆરી સુધી પવનનું જોર વધશે**

ગાંધીનગર, તા.૨૮

ગઈકાલે મોડી રાત્રે થયેલા કમોસમી વરસાદ પછી ૨૯મી ડિસેમ્બરને બુધવારે પણ વરસાદ થવાની સંભાવનાઓ છે.

જિલ્લામાં આ વર્ષે ચોમાસાની વિદાય પછી બે માવઠા થયા છે. માવઠા થવાથી પાક ઉત્પાદનને થોડી ઘણી વિપરીત અસરો થાય તે સ્વાભાવિક છે. આ કમોસમી વરસાદને પગલે ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

ગઈકાલે રાત્રે દહેગામ અને કલોલમાં ૩-૩ મિ.મિ. વરસાદ આજે સવારના ૬ વાગ્યા સુધીમાં નોંધાયો હતો જયારે ગાંધીનગર-માણસામાં ૧-૧ મિ.મિ. વરસાદ નોંધાયો હતો.

૨૯મીએ પણ વરસાદ થવાની સંભાવનાઓ છે. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના હવામાન શાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૭૮માં આ સંભાવનમા વ્યકત કરવામાં આવી છે. ૨૯મી ડિસેમ્બરના રોજ ૫ મિ.મિ. જેટલો વરસાદ થવાની સંભાવના વ્યકત કરાઈ છે. આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે જિલ્લામાં છુટાછવાયા સ્થાનો પર હળવો વરસાદ થશે.

પાંચ દિવસના હવામાન-પૂર્વાનમાન અંગે આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે મહત્તમ તાપમાન ૨૪-૨૯ ડિગ્રી સે. જયારે લઘુત્તમ તાપમાન ૧૩-૧૬ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૩૪ થી ૭૧ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

પવનની સરેરાશ ગતિ ૧૧થી ૨૧ કિમી પ્રતિ કલાક રહેવા શકયતા છે.

છુટી છવાઈ જગ્યાએ હળવા વરસાદની આગાહી હોઈ ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે ઉભાપાકનું રક્ષણ કરવું તેમજ હવામાનની સ્થિતિને ધ્યાને રાખી પાક સંરક્ષણના પગલા ભરવા ઉભા પાકમાં પિયત અને દવા આપવાનું હાલ પૂરતું ટાળવા જણાવાયું છે.

૨૯ થી ૩ ડિસે. દરમિયાન ઠંડા પવનોને લઈ ઠંડી વધુ અનુભવાશે અને આ પવનોના સુસવાટા ગાંધીનગરાઓને ધ્રુજાવશે.

## વરસાદ વાઈબ્રન્ટની કામગીરીમાં વિઘ્ન બન્યો

શહેરમાં એકબાજુ વાઈબ્રન્ટ સમિટની તૈયારીઓ આખરી તબ્કકામાં છે. ત્યારે માર્ગ સુધારણા અને ફુટપાથ તેમજ સેન્ટ્રલ વર્જમાં રંગરોગાનનુ કામ ચાલી રહ્યુ છે. આ દરમિયાન રાત્રિના વરસાદી ઝાપટાના અંતે સવારે પણ કેટલાક ઠેકાણે છાંટણા પડતા કલરકામની કામગીરી પણ ખોરવાઈ હતી. જયારે સેકટરોમાં આંતરિક માર્ગો સહીત મુખ્યમાર્ગો પર વરસાદી માટીની સાથે ગંદકી જોવા મળી હતી. નગરની ફુટપાથ પર પાનખરની જેમ કચરો પથરાયેલો જોવા મળ્યો હતો. શહેરમાં ચ માર્ગ પર કૃષિભવનતી ચ-૩ સર્કલ તરફ જવાના માર્ગ આસપાસ વોક વે પર કચરાનો ઢગ ખડકાયો હતો. વન આરક્ષિત વિસ્તારમાંથી કચરો ફુટપાથ પર આવી ગયો હતો. જયારે મુખ્યમાર્ગો પર થોડા સમય અગાઉ જ થર્મોપ્લાસ્ટના પટ્ટા કર્યા છે આ ઉપરાંત નગરના માર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ કલરકામ ચાલી રહ્યુ હોવાથી વરસાદ વિઘ્ન બન્યો હતો.

## વારંવાર બદલાતા મોસમના મિજાજથી જન આરોગ્ય પ્રભાવિત

વારંવાર બદલાતા મોસમના મિજાજથી શહેરીજનો પણ સુસ્તી અનુભવી રહ્યા છે. શિયાળાની મોસમ શરૂ થયા બાદ ત્રીજીવાર વરસાદી નઝારો સર્જાયો હતો. જયારે વરસાદી છાંટણાના લીધે ઠંડીની મોસમ વધુ પ્રભાવિત થઈ છે. ઠંડી ગરમીના પારાની સતત ચઢઉતર વચ્ચે વરસાદ પણ ગમે ત્યારે ખાબકતા નગરજનો મોસમની અસરથી વિશેષ પ્રભાવિત છે. જેના લીધે નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. એકબાજુ કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે શરદી ઉધરસના દર્દીઓ પણ વધી રહ્યા છે.




**બેસણું**

અમારા માતુશ્રી **ગં.સ્વ. શાંતાબેન અંબાલાલ ચૌધરી**નું તા.૨૮-૧૨-૨૧ને મંગળવારના રોજ દેહાવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં. પ્રભુ એમના આત્માને શાંતિ એવમ મોક્ષ પ્રદાન કરે તેવી પ્રાર્થના, **સદ્‌ગતનું બેસણું તા.૩૦-૧૨-૨૦૨૧ને ગુરૂવારના રોજ સવારે ૮:૦૦ થી ૧:૦૦ દરમ્યાન** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સમાજવાડી, મુ.મકાખાડ, તા.માણસા, જી.ગાંધીનગર. મો. ૯૮૨૪૦ ૨૮૭૫૭**

**ચૌધરી બાબુલાલ અંબાલાલ**
(નિવૃત, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, પાટણ)

ચૌધરી લીલાબેન બાબુલાલ
ચૌધરી નૈયા બાબુલાલ (MBBS)
ચૌધરી વ્રજ બાબુલાલ
(મંત્રી, યુવા મોરચો ભાજપ, ગાંધીનગર મહાનગર)
(ઉપપ્રમુખ, અખિલ આંજણા યુવક મંડળ, ગુજરાત રાજ્ય)

ચૌધરી ગોવિંદભાઈ માધુભાઈ
(ઓડીટર, દુધસાગર ડેરી મહેસાણા)
ચૌધરી કાન્તાબેન ગોવિંદભાઈ
ચૌધરી પ્રિયંક ગોવિંદભાઈ
ચૌધરી ઉર્વિશ ગોવિંદભાઈ


# ગુડા એમઆઈજી અને એલઆઈજી કક્ષાના ખાલી મકાનો ફાળવવા માટે ટુંકમાં ડ્રો કરશે

**અગાઉ નિર્માણ કરાયેલા આવાસોમાં અનામત કેટેગરી મુજબ લાભાર્થીઓની પુરતી સંખ્યા ન થતા ગુડાએ અગાઉ બોર્ડ બેઠકમાં નિર્ણય લીધો હતો : ગુડાના ૧૪૧ ખાલી આવાસો માટે ૭૭૨ અરજીઓ મળી**

ગાંધીનગર તા ૨૮

ગુડા દ્વારા રાયસણ ચિલોડા અને અડાલજ તેમજ કુડાસણમાં એલ આઈ જી અને એમ આઈ જી આવાસોનુ નિર્માણ કરાયુ છે. જયારે આ આવાસો અન્વયે એસ ટી તેમજ ડિફેન્સ કેટેગરીમાં ફાળવવાના થતા આવાસોમાં લાભાર્થીઓએ રસ ન દાખવતા હાલની સ્થિતિએ ગુડા હસ્તક ૧૪૧ આવાસો ખાલી છે. જયારે આ આવાસો માટે ૭૭૨ લાભાર્થીઓએ અરજી કરી છે. આ આવાસો હવે અન્ય કેટેગરીના લાભાર્થીઓને ફાળવવા માટે ગુડા કક્ષાએથી ટુંકમાં ડ્રો કરાશે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં એલ આઈ જી અને એમ આઈ જી આવાસોનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. જયારે હાલ આવાસ નિર્માણની કામગીરી ચાલી રહી છે. ત્યારે અગાઉ નિર્માણ કરાયેલા આવાસો પૈકી સરકારના નિયમ પ્રમાણે એસ ટી કેટેગરી માટે ૧૪ ટકા અને ડિફેન્સ કેટેગરી માટે ૧૦ ટકા આવાસો રક્ષિત કરવામાં આવ્યા હતા. પરંતુ આ બન્ને કેટેગરી માટે પુરતી સંખ્યામાં

● અનુસંધાન પાન-૭ પર


**મારૂતિ સોફા**
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

**TV રીપેરીંગ**
ગાંધીનગર માટે
LED TV,
LCD TV
રીપેરીંગ માટે ફોન
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com